# એમણે દરેકના હૃદયમાં પ્રવેશ કર્યો...

**તેઓ નાસ્તા, ભોજન અને વાળુ સમયે પ્રતિનિધિઓની જોડે જ બેસતા, તેઓ પ્રતિનિધિઓને જિલ્લાવાર મળતા. દરેક મુશ્કેલી માટે એમની પાસે તત્કાળ ઉપાય હતો. બધા એમના સ્મિતને માટે ઝંખતા, અને બધાને એ મળતું. એમણે પ્રતિનિધિઓ જોડે છબી પણ પડાવી. એમણે દરેકના હૃદયમાં પ્રવેશ કર્યો.**

એમણે ભારતીય યોગશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન માટેની એક ઉત્કૃટ અભિરુચિની વાત કરી, અને બીજા અનેક વાદો પ્રત્યેનો એમનો અણગમો એમણે વ્યક્ત કર્યો, એમણે પોતાનો અનુભવ જણાવતાં કહ્યું.

૧૯૬૫ની ૨૫મી ફેબ્રુઆરીએ હું શિરડીના સાઈબાબાની સમાધિ પાસે બેઠો હતો ત્યારે ભૂરા ખમીસવાળો એક વિચિત્ર માણસ મારી પાસે આવ્યો અને મને કહ્યું તમે સત્યસાઈબાબાને જોયા છે? જો જગતમાં કોઈ ભગવાન હોય તો તેઓ જ છે. તેઓ ૧૪મી માર્ચે મુંબઈ પધારે છે. તમે એમને જરૂર મળજો. આ એમના હાથમાંથી પ્રગટેલી વિભૂતિ છે. આ એમની છબી છે આ રીતે બાબાએ મને એમની તરફ ખેંચ્યો. મને પાછળથી ખબર પડી કે બાબાના મુંબઈના આગમન વિષેની ખબર એમના સિવાય બીજા કોઈને નહોતી.

મેં જ્યારે ૧૪મી માર્ચે બાબાને પત્ર મોકલ્યો ત્યારે તેઓ મુંબઈમાં ગ્વાલિયર પેલેસમાં હતા. શ્રી એલ.સી. જાવા તરત જ મારો પત્ર એમની પાસે લઈ ગયા અને મને કહ્યું, ''બાબાએ મને એક કલાક પહેલાં જ કહ્યું કે કોઈ પરદેશી કાગળ લઈને આવશે, તેને તરત મારી પાસે લઈ આવજો.'' એમણે કહ્યું કે આપણા બધા પર ભગવાનના આશીર્વાદ ઊતર્યા છે. કારણ કે એમના અવતારના સમાચાર ફેલાવવા તથા એમનો સંદેશો વિશ્વભરમાં પહોંચાડવા માટે આપણી પર પસંદગી ઊતરી છે.

ડો.રામકૃષ્ણ રાવે કહ્યું કે વિજ્ઞાનની અને યંત્રોની એક તરફ અત્યંત ઝડપી પ્રગતિ થઈ રહી છે. તો બીજી તરફ માણસનું નૈતિક બળ વધતું નથી. (ઊલટું નૈતિક બળ અને સદ્‌ગુણો તો કૂદકે ને ભૂસકે ઘટતા જાય છે. ) એથી માણસના અસ્તિત્વ માટે કટોકટી ઊભી થઈ છે. ભારતનો બુદ્ધિજીવી વર્ગ પોતાની સંસ્કૃતિથી સાવ અજાણ છે. એથી જ્યારે કોઈ આપણી સંસ્કૃતિ વિષેના સાચા જિજ્ઞાસુઓ અથવા નિંદકો એમને પ્રશ્નો પૂછે છે, ત્યારે એ લોકો અત્યંત કફોડી સ્થિતિમાં મુકાય છે અને આપણી સંસ્કૃતિ વિષેનું પોતાનું અજ્ઞાન જાહેર કરવું પડે છે. આ રોગગ્રસ્ત દુનિયા માટે બાબાના સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમના સિદ્ધાંતો એ એક માત્ર તારણહાર છે. જેમણે એમની આહલેક સાંભળી છે, અને એ હાકલનો મર્મ જેઓ સમજ્યા છે, તેઓએ પોતાની આસપાસ સંસ્થાઓ અને મંડળો ઊભાં કર્યા છે કે જેની મારફત સમાન વિચાર સરણી ધરાવતા મનુષ્યો એકબીજા પાસેથી પ્રેરણા મેળવી શકે. પણ એ બધું કાંઈ સુવ્યવસ્થિત રીતે ચાલતું નહોતું. તેથી બાબા આપણને એકબીજાની નજીક લાવ્યા કે જેથી સાધનાને માર્ગેથી આપણે વિચલિત થઈએ નહિ. આપણે કેટલાક મૂળભૂત સિદ્ધાંતો પ્રમાણે અનુસરવાનું છે. સુવ્યવસ્થિત કાર્યપ્રણાલી અપનાવવાની છે કે જેથી આપણી સંસ્થાઓ શક્તિશાળી અને કાર્યરત બને. બાબાએ તો કહ્યું છે, કે એમના અવતરણની વધારેમાં વધારે જાહેરાત તો જે માણસ એમના સિદ્ધાંતોને નિષ્ઠાથી અનુસરે, અને એનાં વાણી, વિચાર અને વર્તન દ્વારા એ અનુસરણથી એને શાંતિ અને આનંદ પ્રાપ્ત થયાં છે એ જગતને સાબિત કરી આપે તે માણસ કરે છે. તેઓ જણાવે છે કે જેવી રીતે નદીના તોફાની વહેણને કિનારાની મર્યાદા કાબૂમાં રાખે છે, તેવી રીતે ભક્તિના ઉત્સાહને પણ અંકુશમાં રાખવાની પણ સર્વસ્વીકૃત એવી નિયમાવલિ હોવી જોઈએ. પણ એ નિયમાવલિ ઘડવામાં સત્યસાઈ સંસ્થાઓનો દરેકને શાંતિ, જ્ઞાન અને આનંદથી તરબતર કરી દે તેવો મૂળભૂત સિદ્ધાંત ભુલાવો ન જોઈએ.

સત્યસાઈ સંસ્થા દરેક સત્યને એક જ સાઈ કે જેમને પ્રત્યેક પૂજે છે, તે સાઈ



શૃંખલાથી સાંકળે છે. સાઈ જેટલી સ્પષ્ટતાથી હૃદયમાં પ્રતિબિંબિત થયા હશે, તેટલી સાચી જનસેવા એ સભ્ય કરી શકશે. એ પરિષદે સમિતિઓ નીમી, એ સમિતિઓની ચર્ચાઓ સાંભળી, અહેવાલ સાંભળ્યો અને કેટલાક સામાન્ય માર્ગદર્શક સિદ્ધાંતોને અનુસરવાનું નક્કી કર્યું, પણ એ જ કાંઈ એનો મુખ્ય લાભ નહોતો, મુખ્ય લાભ તો બાબા જ હતા. એમણે પ્રતિનિધિઓને સમજાવ્યા, શિખામણ આપી, સલાહ સૂચનો આપ્યાં, વાતો કરી અને આત્મીય મિત્રની જેમ મંત્રણાઓ કરી. તેઓ નાસ્તા, ભોજન અને વાળુ સમયે પ્રતિનિધિઓની જોડે જ બેસતા, તેઓ પ્રતિનિધિઓને જિલ્લાવાર મળતા. દરેક મુશ્કેલી માટે એમની પાસે તત્કાળ ઉપાય હતો. બધા એમના સ્મિતને માટે ઝંખતા, અને બધાને એ મળતું. એમણે પ્રતિનિધિઓ જોડે છબી પણ પડાવી. એમણે દરેકના હૃદયમાં પ્રવેશ કર્યો. શિક્ષણની વિશ્વવ્યાપકતા અને તર્કશુદ્ધતાએ બધાના હૃદયને જીતી લીધાં.